BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[State University]
Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 || Web : www.bknmu.edu.in || Email : scstcell@bknmu.edu.in

---

ક્રમાંક/બીકેએનએમયુ/એસસી./એસટી.સેલ/૦૧૭/૨૦૨૬ તા. ૨૦/૧૧/૨૦૨૬

વિષય:- તા. ૨૬/૧૧/૨૦૨૬ નાં રોજ "સંવિધાન ગૌરવ દિવસ" ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચરીના પત્ર ક્રમાંક નં. રસય/સંવિધાન દિવસ/૨૦૨૬/૧૮૨૯૧-૭૯૧, તા. ૧૬/૧૧/૨૦૨૬.

પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓને જણાવવામાં આવે છે કે, આગામી તા.૨૬/૧૧/૨૦૨૬નાં રોજ **"સંવિધાન ગૌરવ દિવસ" ની** ઉજવણી કરવામાં આવનાર હોય તમામ કોલેજ/સંસ્થાઓએ તા.૨૬/૧૧/૨૦૨૬ નાં રોજ સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી અંતર્ગત નીચે મુજબની પ્રવૃતિઓનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

૧) **સંવિધાનની પ્રસ્તાવનાનું વાંચન** :- કોલેજના કાર્યની શરૂઆત પહેલા તમામ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ તથા શૈક્ષિણક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને એકત્રિત કરી સંવિધાનની પ્રસ્તાવનાનું સામુહિક વાંચન કરાવવું.

૨) **સંવિધાનને પુષ્પાંજલિ** :- બેઠકખંડ/હોલ/પ્રાથના ખંડ ખાતે સંવિધાનનું ચિત્ર તથા સંવિધાનનું પુસ્તક રાખી તેને પુષ્પાંજલિ અર્પણ કરવી.

૩) **સંવિધાન ક્વિઝનું આયોજન** :- તા.૨૬/૧૧/૨૦૨૬નાં રોજ સંવિધાનના વિષયને અનુલક્ષીને ક્વિઝનું આયોજન કરવું તથા તેમાં મહતમ વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવું.

૪) **"મારૂ સંવિધાન -મારૂ ગૌરવ" કાર્યક્રમ** :- Selfie with Constitution કાર્યક્રમનું આયોજન કરવું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા કર્મચારીઓ સંવિધાન સાથે સેલ્ફી લઇ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર "મારૂ સંવિધાન - મારૂ ગૌરવ" (My Contitution – My Pride) કેપ્શન સાથે પ્રસિદ્ધ કરે તે માટે પ્રોત્સાહિત કરવા તેમજ ઉપરોક્ત તમામ કાર્યક્રમોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ, અધ્યાપકો સહભાગી બને તે સુનિશ્ચિત કરવું.

નોંધ :- સદર કાર્યક્રમ પૂર્ણ થયેથી આયોજીત કાર્યક્રમનો ફોટોગ્રાફ તથા વિડીયોગ્રાફી સહિતનો અહેવાલ નીચે દર્શાવેલ લિંકમાં ફરજીયાત અપલોડ કરવાનો રહેશે તથા અત્રેની યુનિવર્સિટીને મોકલી આપવાનો રહેશે.

ગુગલ લિંક :- https://forms.gle/rc47ixyrnwAFPzTPA

બિડાણ :-
સંદર્ભદર્શિત પત્રની નકલ

કો-ઓર્ડિનેટર
એસ.સી./એસ.ટી.સેલ

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

નકલ સાદર રવાના:-
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક. :-રસય/સંવિધાન દીવસ/૨૦૨૬/૧૮૨૮૧-૬૮૨ તા.૧૬/૧૧/૨૦૨૬

પ્રતિ,

તમામ કુલપતિશ્રીઓ,

ગુજરાત રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી યુનિવર્સિટીઓ,

આચાર્યશ્રી, સરકારી ,અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ.

વિષય: તા. ૨૬/૧૧/૨૦૨૬ના રોજ **'સંવિધાન ગૌરવ દિવસ'** ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ: (૧) રાજ્ય કક્ષાના મંત્રીશ્રી , ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણનું કાર્યાલય,શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના પત્રક્રમાંક: અ.સ./ઉ અને તા.શિ/૮૨૬/૨૦૨૬ તા. ૧૬/૧૧/૨૦૨૬

(૨) રાજ્ય કક્ષાના મંત્રીશ્રી , ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણનું કાર્યાલય,શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના પત્રક્રમાંક: અ.સ./ઉ અને તા.શિ/૮૨૮/૨૦૨૬ તા. ૧૬/૧૧/૨૦૨૬

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, આગામી તા. ૨૬/૧૧/૨૦૨૬ના રોજ **'સંવિધાન ગૌરવ દિવસ'**ની ઉજવણી કરવામાં આવનાર છે. આ નિમિત્તે રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તથા તેની સંલગ્ન કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી સુયોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

આ ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટી તથા સંલગ્ન તમામ કોલેજોમાં નીચે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે તે સુનિશ્ચિત કરશો.

૧. **સંવિધાનની પ્રસ્તાવનાનું વાંચન**: કોલેજના કાર્યની શરૂઆત પહેલાં તમામ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને એકત્રિત કરી સંવિધાનની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કરાવવું.

૨. **સંવિધાનને પુષ્પાંજલિ**: બેઠકખંડ/હોલ/પ્રાર્થના ખંડ ખાતે સંવિધાનનું ચિત્ર તથા સંવિધાનનું પુસ્તક રાખી તેને પુષ્પાંજલિ અર્પણ કરવી.

૩. **સંવિધાન ક્વિઝનું આયોજન**: તા. ૨૬/૧૧/૨૦૨૬ના રોજ સંવિધાનના વિષયને અનુલક્ષીને ક્વિઝનું આયોજન કરવું તથા તેમાં મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવું.

૪. **'મારું સંવિધાન – મારું ગૌરવ' કાર્યક્રમ**: 'Selfie with Constitution' કાર્યક્રમનું આયોજન કરવું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા કર્મચારીઓ સંવિધાન સાથે સેલ્ફી લઈ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર 'મારું સંવિધાન – મારું ગૌરવ' (My Constitution – My Pride) કેપ્શન સાથે પ્રસિદ્ધ કરે તે માટે પ્રોત્સાહિત કરવા તેમજ ઉપરોક્ત તમામ કાર્યક્રમોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોના કર્મચારીઓ સહભાગી બને તે સુનિશ્ચિત કરવું.

આથી, આપની યુનિવર્સિટી હેઠળની તમામ સંલગ્ન કોલેજો તથા શૈક્ષણિક સંસ્થાઓને જરૂરી સૂચનાઓ આપી ઉપરોક્ત કાર્યક્રમોનું સુચારુ આયોજન થાય તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. તેમજ ઉક્ત કાર્યક્રમ અન્વયે **તમામ યુનીવર્સીટી (ખાનગી સહીત) ના કુલપતિશ્રી સાથે માન.મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૯/૧૧/૨૦૨૬, ગુરુવારના સાંજે ૫-૦૦ કલાકે વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.** જેમાં બિનચૂક જોડાવાનું રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમોની ઉજવણી પૂર્ણ થયા બાદ તેનો વિગતવાર અહેવાલ તથા કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આ સાથે સામેલ ગુગલ લિંકમાં મોકલી આપવા વિનંતી છે.

- https://forms.gle/rc47ixyrnwAFPzTPA

રાજ્ય એન.એસ.એસ.અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

અંગત સચિવ

सत्यमेव जयते

૮૨૬

રાજ્યકક્ષાના મંત્રીશ્રી,

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણનું કાર્યાલય,

ગુજરાત સરકાર

સ્વર્ણિમ સંકુલ-૨, ત્રીજો માળ,

સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૦૧૭૦

ફેક્સ નં. : ૦૭૯-૨૩૨ ૫૦૦૧૦

તારીખ 16 NOV 2026

શ્રીમાન,

આગામી તા.૨૬/૧૧/૨૦૨૬ના રોજ 'સંવિધાન ગૌરવ દિવસ' આવી રહેલ છે જે અન્વયે સમગ્ર ગુજરાતમાં તમામ કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ સંલગ્ન તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી સુચારૂ રીતે યોજાય તે અન્વયે સત્વરે કાર્યવાહી હાથ ધરી સંબંધિતોને સૂચના આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આ ઉજવણી દરમિયાન નીચેના મુદાઓ સંદર્ભે પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરવા પણ વિનંતી છે.

- ❖ કોલેજ કાર્યની શરૂઆત પહેલા બેઠક ખંડ/ હોલ/ પ્રાર્થના ખંડ ખાતે તમામ વિધાર્થીઓ/ વિધાર્થીનીઓને એકત્રિત કરી સંવિધાનનું પૂજન કરવું તથા આમુખનું વાચન કરવું.
- ❖ બેઠક ખંડ/ હોલ/ પ્રાર્થના ખંડ ખાતે સંવિધાનનું ચિત્ર તથા સાથે સંવિધાનનું પુસ્તક રાખવું અને સંવિધાનને પુષ્પાંજલિ અર્પણ કરવી.
- ❖ સંવિધાન સંદર્ભે તા.૨૬/૧૧/૨૦૨૬ના રોજ સંવિધાન Quiz નું આયોજન હાથ ધરવું અને તેમાં મહત્તમ વિધાર્થીઓ / વિધાર્થીનીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવું.
- ❖ સૌ દ્વારા **"મારું સંવિધાન – મારું ગૌરવ"** અંતર્ગત Selfie with Constitution નું આયોજન કરવું. સૌ પોતાની આ સેલ્ફી પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર **"મારું સંવિધાન – મારું ગૌરવ" "My Constitution – My Pride"** ના કેપ્શન સાથે પ્રસિધ્ધ કરે તે માટે સૌને પ્રેરિત કરવા.
- ❖ આ કાર્યક્રમમાં વધુમાં વધુ વિધાર્થીઓ / વિધાર્થીનીઓ અને સ્ટાફ પણ જોડાય તે સુનિશ્ચિત કરવું.

ઉક્ત આયોજન હાથ ધર્યા બાદ તેનો વિગતવાર અહેવાલ અત્રે મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(કલ્પેશ ભટ્ટ)

પ્રતિ,

- **અધિક મુખ્ય સચિવશ્રી,**
  ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,
  શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- **કમિશનરશ્રી,**
  ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ,
  બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.

અંગત સચિવ

ક્રમાંક: અ.સ./ઉ. અને તા.શિ./828/26

રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણનું કાર્યાલય,
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ-૨, ત્રીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં.: ૦૭૯-૨૩૨ ૫૦૧૭૦
ફેક્સ નં.: ૦૭૯-૨૩૨ ૫૭૦૧૦

તારીખ 16/11/2026

શ્રીમાન,

આગામી તા. ૨૬/૧૧/૨૦૨૬ ના રોજ યોજાનાર '**સંવિધાન ગૌરવ દિવસ**'ની ઉજવણી સંદર્ભે વિગતવાર ચર્ચા-વિચારણા અને યોગ્ય આયોજન હાથ ધરી શકાય તે માટે સૂચના આપવા સારુ તમામ યુનિવર્સિટી(ખાનગી સહિત)ના કુલપતિશ્રી સાથે માન.મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને વિડીયો કોન્ફરન્સ યોજવા અંગેની માન.મંત્રીશ્રીએ સૂચના આપેલ છે. આ સંદર્ભે તા.૧૯/૧૧/૨૦૨૬, ગુરુવારના સાંજે ૫-૦૦ કલાકે તમામ યુનિવર્સિટીના કુલપતિશ્રી સાથે વિડીયો કોન્ફરન્સનું આયોજન હાથ ધરવા આજ્ઞાનુસાર વિનંતી છે. ઉક્ત વિડિયો કોન્ફરન્સની લીંક તૈયાર કરીને અત્રે મોકલી આપવા પણ વિનંતી છે. જેથી માન.મંત્રીશ્રી તેમાં જોડાઈ શકે. આ વિડીયો કોન્ફરન્સમાં આપશ્રી તથા સંબંધિત અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(કલ્પેશ ભટ્ટ)

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,
શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭,
સરદાર ભવન, ગાંધીનગર

નકલ કાર્યવાહી સારુ રવાનાઃ

- **કમિશનરશ્રી,**
  ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
  બ્લોક નં.૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર
- **કમિશનરશ્રી,**
  ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૨ /૬, કર્મયોગી ભવન,
  સેક્ટર ૧૦ એ, ગાંધીનગર